ઈલોલ ગામમાં ખખડધજ - બિસ્માર રોડનું પેવરીગ કામ શરૂ

વધતા જતા અકસ્માતોના બનાવને પગલે સર્કલ બનાવ્યા બાદ રોડ બનાવવાની માગણી કરી હતી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામમાં બિસ્માર અને ખખડધજ રોડને પગલે રાહદારીઓ તથા વાહન ચાલકો સહિત સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણી વચ્ચે .. ! માર્ગ-મકાન વિભાગ સફાળુ જાગી જતા બિસ્માર ખખડધજ રોડની વર્ષો જૂની માગણી અંતર્ગત રોડની પેવરીંગનું કામકાજ શરૂ કરવામાં આવ્યું છે

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામમાં વધતા જતા અકસ્માતોના બનાવોના પગલે સર્કલ બનાવ્યા બાદ રોડ બનાવવાની માગણી કરી હતી પરંતુ અત્યારે હાલ તો રોડનું પેવરીંગ કામકાજ શરૂ કરવામાં આવતા વર્ષો જૂની માગણી સંતોષાતા સ્થાનિકોમાં ખુશીની લહેર દોડી જવા પામી છે તેમજ અનેક પ્રકારના તર્ક - વિતર્કો પણ સર્જાયા હોવાનું માલૂમ પડી રહ્યું છે જોકે હવે એ પણ જોવું રહ્યું કે, ઈલોલ ગ્રામજનોની વર્ષોજૂની સર્કલ બનાવવાની માંગ ક્યારેય પૂરી થશે !

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અંતરીયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં સિમાડાઓમાં ખેતરોના શેઢા પર આવેલ કેસુડાના ઝાડ પર કેસુડો વસંત ઋતુ દરમ્યાન ખીલી ઉઠ્યો છે.જીલ્લાના અનેક માર્ગો પર કેસુડાના ઠેર-ઠેર ઝાડ હોવાથી કેસુડાના ફુલ ખીલી ઉઠતા કેસરીયાના રંગે રંગાયા છે. નયનરમ્ય નજારો ઠેર-ઠેર જોવા મળી રહ્યો છે. કેસુડાનું ફુલ આરોગ્યની દૃષ્ટીએ ખુબ જ લાભદાયી છે. વસંત ઋતુ અને હોળી, ધુળેટીના પર્વ નિમિત્તે કેસુડો ખુબ જ લોકપ્રિય હોય છે.ધુળેટીના પર્વ પર કેસુડાનો રંગ બનાવી ઉત્સવ મનાવવામાં આવે છે. કેસુડો વસંત ઋતુમાં લોકપ્રિય ગણાય છે.

હિંમતનગરના રાધે સ્વીટ માર્ટ પાસેથી ગુમ થનાર ૧૦ વર્ષીય બાળકને

પીસીઆર વાને ગણતરીના કલાકોમાં શોધી કાઢી માતા-પિતા સાથે મિલન કરાવ્યું

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૫

હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી પીસીઆર વાનને - કર્મચારીઓને ગતરોજ બુધવારે આશરે પાંચેક વાગ્યાના સમયગાળા દરમિયાન હિંમતનગરના રાધે સ્વીટ માર્ટ પાસેથી ૧૦ વર્ષીય બાળક ગુમ થઈ ગયો

હોવાની જાણ કરવામાં આવતા પીસીઆર વાનની ટીમે શોધખોળ દરમિયાન ગણતરીના કલાકોમાં ગુમ થનાર ૧૦ વર્ષીય બાળકને સહકારી જીન ચાર રસ્તા પાસેથી શોધી કાઢી તેના માતા-પિતા સાથે મિલન કરાવ્યું હતું

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ બુધવારે સાંજે આશરે પાંચેક વાગ્યાના સમયગાળા દરમિયાન હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં રહેતા કિરીટભાઈ ન્યાયી પોતાના બે બાળકો સાથે કામકાજ અર્થે બજારમાં નીકળ્યા હતા.દરમિયાન રાધે સ્વીટ માર્ટ પાસેથી તેમનો ૧૦ વર્ષીય બાળક જૈમિન ગુમ થઈ જતા કિરીટભાઈ ના હોશ ઉડી ગયા હતા અને તેમણે ગુમ થયેલા બાળકની આજુબાજુમાં શોધખોળ શરૂ કરી હતી દરમિયાન શોધખોળ કરતી વખતે પોલીસ પીસીઆર વાન નજરે ચડતા તેમને પીસીઆર વાનનો સંપર્ક કરી બાળક ગુમ થયા હોવાની ફોટોગ્રાફ સાથે માહિતી આપી હતી ૧૦ વર્ષીય બાળક ગુમ થવા અંગેની માહિતી પીસીઆર વાનના કર્મચારીઓએ જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ખાતે આપતા કન્ટ્રોલ ઈન્ચાર્જ પીએસઆઈ આર કે રાવતના માર્ગદર્શન હેઠળ ગુમ થનાર ૧૦ વર્ષીય બાળકની શોધખોળ શરૂ કરાઈ હતી જેમાં પીસીઆર સ્ટાફને શોધખોળ દરમિયાન સહકારી જીન પાસે ગુમ થનાર બાળક નજરે ચડતાં બાળકની પૂછપરછ કરી ફોટા સાથે ઓળખ છતી થતાં બાળકને જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ ખાતે લઈ જવામાં આવ્યો હતો ત્યારબાદ બાળકના માતા-પિતા ને બોલાવીને બાળકને માતા-પિતા સાથે મિલન કરાવ્યું હતું અને ૧૦ વર્ષીય બાળકની તેમના વાલીને સુપ્રત કરવામાં આવ્યો હતો.

તલોદ પુંસરી જિલ્લા પંચાયત સીટના ભાજપના મહિલા ઉમેદવાર ભારતીબેન પટેલને ઠેરઠેર આવકાર

ભારતીબેન પટેલ ને ટીકીટ મળતા સમર્થકો ભાજપ કાર્યકરો અને મતદારોમા ઉત્સાહ છે : ભારતી બેન પટેલ દ્વારા ભાજપ કાર્યકરો સમર્થકો સાથે ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લા સહિત જિલ્લામા યોજાનાર સ્થાનિક સ્વરાજય ની ચૂંટણી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીની આડે હવે ગણતરી નાજ દિવસો બાકી છે ત્યારે પુંસરી જિલ્લા પંચાયત સિટ ઉપરના ભાજપના મહિલા ઉમેદવાર પટેલ ભારતી બેન મહેન્દ્રભાઈ ને ઠેરઠેર આવકાર મળી રહ્યો છે.

તલોદના પુંસરી ખાતે ૩૦ પુંસરી જિલ્લા પંચાયત ની સીટમાં ભાજપ દ્વારા નવલપુર ના ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલને ટીકીટ આપવામા આવી છે જેને લઈ ને ભાજપ કાર્યકરો તથા મતદારો તથા સમગ્ર લેઉઆ પાટીદાર સમાજ મા ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને મહિલા ઉમેદવાર ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલ ને જિલ્લા પંચાયત ૩૦ પુંસરી ખાતે ઠેરઠેર આવકાર મળી રહ્યો છે તો ભારતીબેન પટેલ ના પતિ મહેન્દ્રભાઈ પટેલ પણ સમાજના આગેવાન અને તલોદ તાલુકા પંચાયત ના ઉપ પ્રમુખ પદે કાર્યભાર સભાળ્યો હતો અને તેવોના કામોની પણ આજે પણ ગણના થાય છે ત્યારે તેમના ધર્મ પત્ની ભારતીબેન પટેલ ને પણ ભારતીય જનતા પાર્ટી દ્વારા ટીકીટ આપી પ્રસંદગી કરવામા આવી છે ત્યારે ભારતીબેન પટેલ દ્વારા તેમના સમર્થકો ભાજપ કાર્યકરો અને આગેવાનો દ્વારા હાલ તેમના વિસ્તારમા ડોર ટુ ડોર ચુંટણી પ્રવાસ કરી રહ્યા છે ત્યારે તેવોને ઠેરઠેર આવકાર મળી રહ્યો છે અને તેવોનો જગી મતો થી વિજય થાય તે માટે ભાજપ કાર્યકરો તથા સમર્થકો પણ ભાજપ ના વિકાસલક્ષી કામો ને લઈ ને મતદારો પાસે વોટ માગી રહ્યા છે ત્યારે ચુંટણી પ્રચાર પ્રવાસ મા ભારતીબેન પટેલ એક-એક મતદાતા ઓની વાત સાંભળી તેમણા મતદારો ના આશીર્વાદ મેળવી રહ્યા છે ત્યારે હવે મતદાન ની આડે માત્ર ત્રણ દિવસ બાકી છે ભારતીબેન પટેલ અને ભાજપ

કાર્યકરો સમર્થકો ભારતીબેન ને અને ભાજપ ને જંગી મતો થી વિજયી બનાવવા માટે હાલતો ડોર ટુ ડોર પ્રચાર હાથ ધર્યો છે અને દરેક સમાજ ના નાનામાનાના વ્યક્તિ મતદાતા નો સંપર્ક કરવામા આવી રહ્યો છે અને તેવોના આશીર્વાદ સાથે આગે કૂચ કરી રહ્યા છે ત્યારે ૩૦ પુંસરી જિલ્લા પંચાયત મા આવતા વિવિધ ગામોમાંથી ભારતીબેન પટેલ ને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

મેરે દેશ કી ધરતી સોના ઉગલે... ઉગલે હિરે મોતી... મેરે દેશ કી ધરતી...

ભિલોડા,તા.૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ઘઉંનું મબલક ઉત્પાદન થશે તેવી ખેડુતોને આશા બંધાતા ખેડુતો ખુશખુશાલ છે. ઘઉંનો પોષણક્ષમ ભાવ મળી રહે તેવી ખેડુતો આશા વ્યક્ત કરી રહ્યા છે.શિયાળા દરમ્યાન મોટા ભાગના ખેડુતો ઘઉંની ખેતી પર નિર્ભર રહેતા હોય છે.શિયાળા દરમ્યાન ઠંડી એકદંરે ઘઉંના વાવેતર માટે માફકસર રહેતાં ઘઉંનું મબલક ઉત્પાદન થશે તેવા એંધાણ વર્તાતાં ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર સીમ વિસ્તારોમાં ખેતરોમાં ઘઉંનો ઉભો પાક લહેરાતો જોવા મળી રહ્યો છે.ખેતીલાયક ફળદ્રુપ જમીનો સોનેરી રંગે રંગાઈ હોય તેવા દૃશ્યો ઠેર-ઠેર સિમાડાઓમાં જોવા મળી રહ્યા છે.

ઘઉંનું મબલક ઉત્પાદનના પગલે વિવિધ શોર્ટેઝ મીલો ધ્વારા ઘઉંની ખરીદીનો શુભારંભ થયેલ છે.દેશ-વિદેશની મેઘા સીટીઓમાં ઘઉંની નિકાસ થાય છે.ખેડુતોને

ઘઉંના ઉંચામાં ઉંચા ભાવ મળે તેવી આશા ખેડુતો સેવી રહ્યા છે.

ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી,ચેરમેન હિતેન્દ્રસિંહ એન.સિસોદીયાએ જણાવ્યું હતું કે ઘઉંનું મબલક ઉત્પાદન થઈ રહ્યું છે ત્યારે દિન-પ્રતિ-દિન ઘઉંની આવકો માર્કેટયાર્ડમાં વધશે ત્યારે ખેડુતોને પોષણક્ષમ ઘઉંની ગુણવત્તા પ્રમાણે ભાવ વધુમાં વધુ મળે તેવા ભગીરથ પ્રયાસો હાથ ધર્યા છે.

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં રાજકીય પક્ષોનો પ્રચાર-પ્રસાર તેજ બનાવાયો

મોડાસા-બાયડમાં ઉમેદવારો ખરીદ-વેચાણમાં લાગ્યા

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં ચૂંટણીના પડઘમ ચોટીએ પહોંચ્યા છે ત્યારે રાજકીય પક્ષો નવા-નવા પેંતરા શોધીને મતો અંકે કરવાની તજવીજમાં લાગ્યા છે. ઓનલાઈન-ઓફલાઈન માધ્યમો પર તો પ્રચાર-પ્રસાર જોરશોરમાં જામ્યો જ છે, તેમાં હવે સીધા અને આડકતરા પેંતરા પણ ઉમેરાયા છે.મોડાસા અને બાયડ નગરપાલિકામાં મતદારોને રીઝવવા ઉમેદવારએ નાણાંની કોથળી ખુલ્લી મૂકી દીધી છે રાજકારણની પ્રયોગ શાળા ગણાતા બાયડમાં નગરપાલિકાની ચૂંટણીમાં ૧ મતની કિંમત ૨૫૦૦ થી ૫ હજાર સુધી પહોંચી હોવાનું રાજકીય સૂત્રો પાસેથી માહીતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જિલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયત,મોડાસા અને બાયડ નગરપાલિકાની ચૂંટણીના પ્રચારના અંતિમદિવસોમાં પ્રચાર-પ્રસાર ચરમસીમાએ પહોંચ્યો છે અમુક ઉમેદવારોએ નજીક-દૂરના સગાંવહાલા અને ટેકેદારોને મેદાને ઊતારી લોકોમાં પોતાના નામની વાહવાહી કરાવવાના પ્રયત્નો માંડયા છે તો અમુક ઉમેદવારોએ વિસ્તાર પ્રમાણે માણસો મૂકાવીને પોતાના નામની ચર્ચાઓ જગાવી છે. સોસાયટીઓમાં બેઠકો યોજીને નવા ઉમેદવારોના પરિચય આપવાના કાર્યક્રમો પણ જોવા મળી રહ્યા છે તો ક્યાંક વળી સ્થાનિક આગેવાનોનો હાથ ઝાલીને વર્તમાન ઉમેદવારો લોકોને રીઝવતા જોવા મળી રહ્યા છે. જિલ્લામાં ઠેરઠેર બાઈક રેલી અને ચૂંટણી સભાઓ દ્વારા લોકોના મનમાં પોતાના પક્ષનું નિશાન અને ઉમેદવારનું નામ ઠસાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. મોડાસા અને બાયડ નગરપાલિકાની ચૂંટણીમાં હાલ બધા રાજકીય પક્ષ અને અપક્ષો વિજય મેળવવા ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે રાજકીય પક્ષ ખરીદ વેચાણ સંઘ ખોલ્યો હોય તેમ મતદારોને મત પ્રમાણે ખાસ્સી એવી રકમ અને વાયદાઓનું પોટલું ખોલી દીધું છે સોસાયટી વિસ્તારમાં વિસ્તારમાં વર્ચસ્વ ધરાવતા યુવાનોને તેમની તરફે કરવા નાણાંની પોટલીઓ ખુલ્લી મૂકી દીધી છે

ભાજપ-કોંગ્રેસ ધમકી આપે છે મતદારો ઓળખે : આપ ઉપાધ્યક્ષ

ડીસા, તા.૨૫

ઉત્તર ગુજરાતમાં તાજેતરમાં ડીસા ભાજપના ધારાસભ્યનો ધમકી આપતો વીડિયો સામે આવ્યા બાદ હવે પાટણના કોંગ્રેસી ધારાસભ્યનો વીડિયો સામે આવ્યો છે. આ બધાની વચ્ચે હવે આમ આદમી પાર્ટીની પ્રતિક્રિયા પણ સામે આવી છે. જેમાં પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષે ભાજપ-કોંગ્રેસ પર આક્ષેપ કરી કહ્યુ હતુ કે, મતદારોએ આવા ધારાસભ્યો અને પાર્ટીઓને ઓળખવાની જરૂર છે. આ સાથે તેમણે ઉમેર્યુ હતુ કે, બંને પાર્ટીઓ પાસે ધમકીઓ સિવાય બીજુ કંઈ નથી. પાટણના કોંગ્રેસી ધારાસભ્ય કિરીટ પટેલે બાલીસણામાં પોતાના ભાષણ દરમ્યાન મોંઘવારી સહિતના મુદ્દે ભાજપ પર આકરા પ્રહાર કર્યા હતા. જે બાદમાં ધારાસભ્યએ ભાજપ સહિત પોલીસ પ્રશાસનને પણ જાહેરમંચ પરથી ચિમકી આપી હોવાનો વીડિયો વાયરલ થયો છે. કોઈના બાપની તાકાત હોય તો મારા એકપણ કાર્યકરને કંઈ થયુ તો હું બેઠો છુ તેવુ બોલતાં હોવાનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જે મામલે આપના પ્રદેશ ઉપાધ્યક્ષ ભેમાભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે, ભાજપ-કોંગ્રેસ દ્વારા ધમકીનો મારો ચલાવવામાં આવી રહ્યો હોઈ મતદારોએ તેમને ઓળખવાની જરૂર છે. રાજકીય સૂત્રોએ જણાવ્યું હતુ કે, સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં પ્રચારોમાં ધારાસભ્યો અને નેતાઓના બેફામ વાણી-વિલાસનો વીડિયો સામે આવતાં હોય છે. અગાઉ ડીસાના ભાજપી ધારાસભ્યે ભાજપના કાર્યકર કે સરકાર સામે કોઈ આંખ ઉઠાવશે તો આંખ ચીરી નાખવાની ધમકીભર્યો વીડિયો વાયરલ બાદ પાટણના કોંગ્રેસી ધારાસભ્યનો ચિમકી આપતો વીડિયો સામે આવ્યો છે.

નીલપુર ગ્રામજનો દ્વારા ગટર લાઈન બનાવવા ટી. ડી. ઓ.ને રજૂઆત

સરકારી દફતરે ગામમાં ગટર લાઈન બનાવી દેવાઈ હોવાની પણ આશંકા વ્યક્ત કરી

ડીસા, તા. ૨૫

દાંતીવાડા તાલુકાના નીલપુર ગામમાં છેલ્લા ઘણા સમયથી ગટર લાઈનના અભાવે ગામના રસ્તાઓ લોકોને ચાલવા લાયક નથી રહ્યા અને લોકો મજબૂર બની દિનભર કીચડમાં ચાલી રહ્યા છે. ત્યારે વર્ષોથી સમસ્યા બની ચૂકેલા ગટર લાઈનના મુદ્દે લોકો હવે જો ચોક્કસ નિરાકરણ ન આવે તો આ મુદ્દે ઉપર સુધી રજૂઆતો કરવા મક્કમ બન્યા છે. અને આ બાબતે મંગળવારે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત પણ કરી છે.

દાંતીવાડા તાલુકાના નીલપુર ગામમાં ભારત સરકારના સ્વચ્છ ભારત મિશન સૂત્રને અનુરૂપ પણ ગામને સ્વચ્છ બનાવવા યોજનાનો લાભ નથી આપવામાં આવતો. નીલપુર ગામને મુખ્ય એવી ગટર લાઈનની પ્રાથમિક સુવિધા આજ દિન સુધી નથી મળી. આ બાબતે ચૂંટણી ટાણે વાયદા અપાય છે પછી

તેને ભુલાય છે. લોકોની અનેક વખતની રજૂઆતો આજ દિવસ સુધી પોકળ સાબિત થઈ છે. અને લોકો ગટર લાઈનના અભાવે પાણીનો નિકાલ રસ્તાઓ ઉપર થતો હોઈ ગંદકીમાં ચાલી રહ્યા છે. સમગ્ર સમસ્યા બાબતે હવે ગામ લોકો ૯ ગટર લાઈન બને અને ગામમાંથી ઘર વપરાશના પાણી તેમજ વરસાદી પાણીનો નિકાલ થાય તેમજ રસ્તાઓમાંથી કાયમ માટે ગંદકીથી રાહત સાથે છુટકારો મળે તેવી માંગ સાથે છેક ગાંધીનગર સુધી પણ જરૂર પડે લેખિત રજૂઆતો કરવા મક્કમ તૈયારી કરી બેઠા છે. ઘણા સમયથી માંગણીઓ કરવા છતાં ગામમાં ગટર લાઈન બનાવામાં ન આવતી હોઈ લોકોને સરકારી દફતરે ગટરલાઈન બનાવી દેવાઈ હોવાની પણ આશંકા છે ત્યારે ગામના કેટલાક જાગૃત લોકો દ્વારા આ બાબતે તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ગટરલાઈનથી અનેક ગામો વંચિત

દાંતીવાડા સમગ્ર તાલુકાના લગભગ ગામોમાં વિકાસના કામોમાં માત્ર આરસીસી રોડ અને દિવાલ બનાવી દેવાયા બાદ તેની ઉપર સિમેન્ટ મજબૂતાઈ માટે પાણી છાંટવામાં જ ન આવતું હોવાની અનેક ગામોમાં લોકો રજૂઆત કરતા હોય છે. અને સરવાળે સરકારી ગ્રાન્ટોના ખર્ચ કરેલા નાણાનો લોકોના વિકાસના નામે દુરઉપયોગ કરાય છે. સરકારી નાણા ખર્ચ કરેલા આર.સી.સી.રોડ એકાદ વર્ષના સમયગાળામા જ કેટલાક ગામોમાં રોડમાં ખાડા પડવાનું શરૂ થાય છે ને સરપંચનો પાંચ વર્ષોનો કાર્યકાળ પૂર્ણ થતાં પહેલાં જ રોડની દશા એકદમ ના બરાબર બની જાય છે. ત્યારે આવા હલકી ગુણવત્તાવાળા કામોમાં તાલુકાના જવાબદાર એન્જીનીયરો પણ, ખોટા કામોમાં મિલીભગત કરી કોન્ટ્રાક્ટરોના બિલોના નાણાં ચૂકવાઈ જાય છે ત્યારે સવાલ એ ઊઠે છે કે શું કોઈ જાતનું નિરીક્ષણ કરાય છે કે કેમ ? અને આવા ભાગીદારીના વિકાસના કામમાં, ઘણા ગામોની પાયાની સુવિધાઓમાં ધ્યાન નથી આપવામાં આવતું અને લોકો સદંતર આવી અનેક સમસ્યાઓને વેઠવા મજબૂર બની રહ્યા છે.

પ્રાંતિજના બોરીયા સીતવાડા અને બોભામાં લોકમેળો ભરાયો

પ્રાંતિજ તા.૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોરીયા સીતવાડા અને બોભામાં લોકમેળો ભરાયો બ્રહ્માણી માતાજી નો લોકમેળો

પરંપરાગત રીતે છેલ્લા ૭૦ વર્ષ થી ભરાય છે જેના ભાગરૂપે બ્રહ્માણી માતા ની શોભાયાત્રા વાજતે ગાજતે કે ડીજેના તાલ સાથે કાઢવામાં આવી હતી.

પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા અને બોભા ખાતે આજે વર્ષોથી ભરાતો લોકમેળો ભરાયો હતો અને ગામમા શોભાયાત્રા કાઢવામા આવી હતી આ શોભાયાત્રામાં અનેક માઈભકતો તેમજ યુવાધન જોડાઈને અબીલ ગુલાલ થી રંગાઈ ગયા હતા જ્યાં આખું ગામ બ્રહ્માણી મય બની ગયું હતું આ પ્રસંગે માતાજીનો હવન ધજા રોહણ કરવામાં આવી હતું વધુમાં વર્ષોથી માતાજી ના વાઘા અમદાવાદનો મેરાઈ પરિવાર પહેરાવે છે બ્રહ્માણી માતાજીની બોળીયા માતાજી તરીકે ઓળખવામાં આવે છે શ્રદ્ધા અને સબૂરી સાથે જેનું બાળક ન બોલતો હોય તું બોર ની બાધા રાખે છે અને બાળક બોલતું થાય છે તો મોટા પ્રમાણમાં માઈભકતો બોર લાવી માતાજીની ચરણોમાં ધરાવે છે તેમજ ૪૦૦૦થી વધુ માઈભકતોની મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવે છે જેમાં મેળામાં ખાણી-પીણી ચગડોળ રમકડા સ્ટોલ લાગ્યા હતા અને માઈ ભકતો એ દર્શન કરી ધન્યતા અનુભવી ને મેળા નો આનંદ માણ્યો.

વાંટડા ગામે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો...

રાયગઢ, તા.૨૫

બી.ઝેડ.ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના સ્થાપનાનું એક વર્ષ પૂરું થતાં હિંમતનગર તાલુકાના રાયગઢ પાસેના વાંટડા ગામે

ગુલમહોર હિલ ખાતે એમ.ડી. ભુપેન્દ્રસિંહજી પરબતસિંહજી ઝાલાની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે કંપની સાથે સંકળાયેલા સભ્યોની કામગીરીને પ્રોત્સાહન આપવા એમ.ડી. ભુપેન્દ્રસિંહજીએ ઈનામોનું વિતરણ કરી સભ્યોને પ્રોત્સાહિત કરી બિરદાવ્યા હતા.